સૌથી વધુ ઝેર કોંગ્રેસે ફેલાવ્યું : મોદી

મેરઠ,તા. ૨

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ફરી એકવાર વિજયશંખનાદ રેલીમાં કોંગ્રેસ પર તેજાબી પ્રહારો કર્યા હતા. સાથે સાથે ઉત્તરપ્રદેશની મુલાયમ સરકારની પણ ઝાટકણી કાઢી હતી. મોદીએ ઉત્તરપ્રદેશને ગુજરાતની જેમ કોમી રમખાણમુક્ત બનાવવાની પણ લોકોને ખાતરી આપી હતી સાથે સાથે મોદીએ ઝેરની ખેતી અંગ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નિવેદનનો પણ જડબાતોડ જવાબ આપ્યો હતો અને કહ્યુ હતુ કે સૌથી વધારે ઝેર કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવે છે. સૌથી વધારે ઝેર પણ તેના પેટમાં છે. મોદીએ કોંગ્રસ પર દેશને વિભાજિત કરવાનો આક્ષેપ કર્યો હતો. વિજય શંખનાદ રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ઉત્તરપ્રદેશમાં મહિલાઓની સુરક્ષાઓને લઈને પણ

સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુકે ઉત્તરપ્રદેશ હિંસાના મામલે સૌથી આગળ નીકળી ગયુ છે. મેરઠમાં મોદીની રેલીમાં લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મેરઠન શતાબ્દી મેદાન પર આનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મોદીએ પોતાના ખાસ અંદાજમાં ભાષણની શરૂઆત કરી હતી અને મેરઠને વીર શહિદોની જમીન તરીકે ગણાવીને આની પ્રશંસા કરી હતી ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રાની જન્મભૂમિ મેરઠ રહેલી છે તેવી વાત કરતા મોદીએ કહ્યુ હતુકે ભારત સરકારે આનું સન્માન યોગ્યરીતે કર્યુ નથી. યુપીએ સરકારની સાથે સાથે ઉત્તરપ્રદેશની અખિલેશ સરકારની પણ મોદીએ જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુકે કેટલીક પાર્ટીઓના નામ બદલાઈ ગયા છે.

સમાજવાદી પાર્ટી હવે સમાજવાદી નહીં રહી ને સમાજ વિરોધી બની ગઈ છે. અખિલેશનના સાશનમાં ઉત્તરપ્રદેશ રાજય ખૂબજ પાછળ રહ્યુ છે. અહીં ક્રાઈમનો ગ્રાફ સતત વધી રહ્યો છે. લોકો પોતાને સુરક્ષિત અનુભવ કરી રહ્યા નથી. મોદીએ લોકોને કમળને જીત અપાવવા માટે અપિલ કરી હતી અને ખાતરી આપી હતી કે તેઓ દેશના ચિત્રને બદલવા માટે ખાતરી આપે છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે પણ મોદીએ પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીના નિવેદન અંગે મોદીએ જવાબમાં કહ્યુ હતુ કે રાહુલ ગાંધીએ હાલમાં એક રેલી દરમિયાન કહ્યુ હતુ કે તેમની માતાએ કહ્યુ છે કે સત્તા ઝેર સમાન છે. મોદીએ કટાક્ષમાં કહ્યુ હતુ કે જો સત્તા ઝેર સમાન છે તો સૌથી વધારે શાસન કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યુ છે. કોંગ્રેસનું કામ દેશને વિભાજીત કરવાનું રહ્યુ છે. રાજ્યોને એકથી બીજા રાજ્ય સાથે લડાવવાનું કામ કોંગ્રેસનું રહ્યુ છે. વોટ બેંકની રાજનીતિનો અંત લાવી વિકાસની વાત કરવાનો સમય હવે આવી ગયો છે. ૨૦૧૪ની ચૂંટણી ભારતના ભાગ્યને બદલવાનું કામ કરશે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ એ આ પાર્ટીઓ સ્વતંત્રતા સેનાનીઓને ભુલાવી દીધા છે. ખેડૂતોનો મુદ્દો પણ મોદીએ જોરદારરીતે ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે ઉત્તરપ્રદેશમાં ખેડૂતોની હાલત કફોડી બનેલી છે. પશ્ચિમી ઉત્તપ્રદેશમાં વિજળી આવે તો તે સમાચાર બને છે. વિજળી જવાની બાબત સમાચાર બને છે. ગુજરાતમાં ૩૬૫ દિવસ વિજળી લોકોને મળે છે તેવો દાવો કર્યો હતો. રામ મનોહર લોહિયાની વાતમાં વિશ્વાસ કરનાર લોકોને ખેડૂતોની ચિંતા નથી. ૬૦ લાખથી વધુ શેરડીના ખેડૂતોની હાલત કફોડી બનેલી છે. ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ભાગી પડી છે. મા-પૂત્રીને સન્માન મળી રહ્યુ નથી.

૧૮૫૭ સ્વતંત્રતા સંગ્રામથી પ્રેરણા લેવાની જરૂર : મોદી

મેરઠ,તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ મેરઠના લોકો અને મેરઠના ઈતિહાસનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યુ હતુ કે મરેઠ ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામનું મુખ્યસ્થળ રહ્યુ છે. અહીંના શહિદ જવાનોને યોગ્ય સન્માન મળ્યુ નથી. થોડાક દિવસ પહેલા જ સ્વતંત્રતા સંગ્રામના ૧૫૦ વર્ષ પૂરા થયા હતા છતાં શહિદવીરોને યાદ કરવામાં આવ્યા ન હતા. ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામથી પ્રેરણા લઈને અમને આગળ વધવાની જરૂર છે. સ્વતંત્રતાની લડાઈમાં કમળ અને રોટીનો સંદેશ આપવામાં આવ્યો હતો. ફરી એકવાર અહીંથી જોરદાર લડતની શરૂઆત કરવા લોકોને મોદીએ અપીલ કરી હતી. મોદીએ લોકોને અપીલ કરી હતી કે જો આ વખતે કમળ જીતશે તો તેઓ દેશના ચિત્રને બદલવા પ્રયાસ કરશે.

૧૧૩૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના

સ્પેક્ટ્રમ હરાજી આજથી શરૂ થશે : ૮ કંપનીઓ મેદાનમાં

નવી દિલ્હી,તા. ૨

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સ્પેક્ટ્રમ હરાજીની પ્રક્રિયા આવતીકાલથી શરૂ થવા જઈ રહી છે. આઠ કંપનીઓ પહેલાથી જ મેદાનમાં દેખી રહી છે. સ્પેક્ટ્રમ હરાજીને લઈને પહેલાથી જ કોર્પોરેટ જગતમાં જોરદાર ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. આવતીકાલે યોજાનારી હરાજીમાં આઠ કંપનીઓ ભાગ લેનાર છે. જેમાં ભારતી એરટેલ, વોડાફોન અને રિલાયન્સ જિઓ ઈન્ફોકોમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય પાંચ ટેલિકોમ કંપનીઓ પણ ભાગ લેનાર છે. આ હરાજીની પ્રક્રિયા મારફતે સરકાર ૧૧૩૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. ટેલિકોમ વિભાગે ૧૮૦૦ એમએચઝેડ બેન્ડમાં ૩૮૫ એમએચઝેડ રેડિયોવેવ્સની વાત કરી છે. જ્યારે ૯૦૦ એમએચઝેડ બેન્ડમાં ૪૬ એમએચઝેડની વાત કરવામાં આવી છે. ડોટે સ્પેક્ટ્રમના ક્વાન્ટમને ઘટાડવાની પણ વાત કરી છે.

દિલ્હી, કોલકાતા અને મુંબઈ સહિત ૧૦ સર્કલમાં ૧૮૦૦ એમએચઝેડ બેન્ડમાં સ્પેક્ટ્રમની હરાજી કરવામાં આવનાર છે. અગાઉ આયોજિત કુલ ૪૦૩ એમએચઝેડ પૈકી હવે યોજના બદલી નાંખવામાં આવી છે. બીડરોની યાદીમાં મહાકાય કંપનીઓ પણ સામેલ છે જેમા આઈડિયા સેલ્યુલર, ટેલીવિંગ્સ(યુનિનોર), રિલાયન્સ કોમ્યુનિકેશન, તાતા ટેલિ સર્વિસ અને એરસેલનો સમાવેશ થાય છે. જો કે ત્રણ કંપનીઓ ચોક્કસ સર્વિસ એરિયામાં બિડિંગ માટે ગેરલાયક જાહેર થઈ હતી. વોડાફોન ઈન્ડિયા સાત સર્કલમાં બિડ માટે અરજી કરી શકશે જ્યારે આરકોમ આઠ અને દિલ્હીમાં તાતા ટેલિસર્વિસ બીડ કરી શકશે. સરકારે સ્પેક્ટ્રમ હરાજીના ત્રીજા રાઉન્ડની પ્રક્રિયા હાથ ધરી છે. ટુજી કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૧૨માં ૧૨૨ લાઈસન્સ રદ કરવાનો આદેશ કર્યો હતો.

કેજરીવાલ પર નાણાંના દુરુપયોગનો હવે આક્ષેપ

કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જોરદાર ઝાટકણી કાઢી હતી. કેજરીવાલ દ્વારા ભ્રષ્ટ નેતાઓની યાદી જારી કરવામાં આવ્યાના એક દિવસ બાદ સુશીલકુમાર શિંદેએ કહ્યુ હતુ કે દિલ્હીના મુખ્યમંત્રી પોતે પોતાના એનજીઓ માટે મળેલી રકમના દુરુપયોગના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. કેજરીવાલ સામે રકમનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે જેને છુપાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. એનજીઓને જે રકમ મળી હતી તેનો ઉપયોગ રાજકીય લાભ મેળવવા માટે કરવામાં આવી ચુક્યો છે. કોર્ટે પણ કેજરીવાલને અનેક મુદ્દાઓ પર સ્પષ્ટીકરણ કરવા માટે કહ્યુ છે અને આવા ખુલાસા કેજરીવાલ દ્વારા હજુ સુધી કરવામાં આવ્યા નથી.

કર્મચારીઓના ડીએમાં બીજી વખત ૧૦ ટકા સુધી વધારો

નવી દિલ્હી,તા. ૨

કેન્દ્ર સરકાર આગામી મહિનામાં મોંઘવારી ભથ્થા અથવા તો ડીએમાં ૧૦ ટકા સુધીનો વધારો કરવા માટે કમર કસી ચુકી છે. ડીએને વધારીને ૧૦૦ ટકા કરાશે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની આ યોજનાને ખુબ ઉપયોગી તરીકે ગણવામાં આવે છે. કેન્દ્ર દ્વા ડીએમાં ૧૦ ટકાનો વધારો કરાશે તો આશરે ૫૦ લાખ કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને સીધો ફાયદો થશે. કેન્દ્ર સરકાર દ્વારા સતત બીજી વખત ડીએમાં બે આંકડામાં વધારો કરવામાં આવનાર છે. સરકારે ગયા વર્ષે સપ્ટમ્બર મહિનામાં ડીએમાં ૧૦ ટકાનો વધારો કરીને તેને ૯૦ ટકા કરવાની જાહેરાત કરી હતી. પહેલી જુલાઇ ૨૦૧૩થી અમલી બને તે રીતે આની જાહેરાત કરવામાં આવી

હતી. સત્તાવાર સુત્રોએ કહ્યુ છે કે પ્રાથમિક મુલ્યાંકન સુચવે છે કે મોંઘવારી ભથ્થામાં વધારો ૧૦ ટકા કરતા ઓછો રહેશે નહી. આને આ વર્ષે પહેલી જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ડીએમાં વાસ્તિક ટકાવારી વધારાનો આંકડો ૨૮મી ફેબ્રુઆરીના દિવસે જારી કરવામાં આવનાર ડિસેમ્બર મહિના માટેના કન્ઝુયમર પ્રાઇસ ઇન્ડેક્સ ફોર ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સના આંકડા બાદ જાણી શકાશે. ૩૧મી જાન્યુઆરીના દિલસ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા કંડા મુજબ ડિસેમ્બરના મહિના માટે ફેક્ટરી વર્કરો માટે રીટેલ ફુગાવો ૯.૧૩ ટકા રહ્યો હતો. પ્રક્રિયા મુજબ સરકાર કોઇ પણ પ્રકારના ડીએ વધારા અંગે નિર્ણય પર પહોંચવા માટે છેલ્લા ૧૨ મહિનાના સીપીઆઇ-આઇડબલ્યુ આંકડાને ધ્યાનમાં લે છે. જેથી પહેલી જાન્યુઆરી અને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ વચ્ચેના ઔદ્યોગિક વર્કરોના માટેના રીટેલ ફુગાવાને આ મામલે અંતિમ નિર્ણય પર પહોંચવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. આ વખતે ૧૦ ટકાનો વધારો રહેશે. ઉપરાંત ડીએને વધારીને ૧૦૦ ટકા કરવાની સાથે સરકારે પગારમાં સુધારા કરવા જોઈએ અને બેઝિક પગાર સાથે ડીએને મર્જ કરવામાં આવે તે જરૂરી છે. સામાન્ય નિયમ મુજબ જ્યારે તે ૫૦ ટકાના આંકડાનેપાર કરે છે ત્યારે ડીએ બેઝિક પગાર સાથે મર્જ થાય છે.

ચંદીગઢથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે

ચંદીગઢના સાંસદ પવનકુમાર બંસલને ફરીથી મોટી જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી,તા. ૨

ચંદીગઢના સાંસદ પવનકુમાર બંસલે વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસમાં ચાવીરૂપ હોદ્દો ફરી મેળવી લીધો છે. ભ્રષ્ટાચારના મામલે અગાઉ ફસાઈ ગયા બાદ પવનકુમાર બંસલને રેલવે પ્રધાન તરીકે રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. લાંચ રૂશવત કેસના સંદર્ભમાં તેમની સામે વિરોધ પક્ષોએ ભારે હોબાળો મચાવ્યા બાદ બંસલને હોદ્દો છોડી દેવો પડ્યો હતો. નોકરી માટે લાંચના મામલામાં મે મહિનામાં કેન્દ્રીય કેબીનેટમાંથી રાજીનામું આપી દીધાના ૧૦ મહિના બાદ બંસલ હવે પક્ષની ઉમેદવારોની ચકાસણી કરતી કમીટીમાં સામેલ થઈ ગયા છે. ગુજરાત અને રાજસ્થાન જેવા ચાવીરૂપ રાજ્યોમાં સ્ક્રીનીંગ કમીટીનું નેતૃત્વ તેઓ કરી રહ્યા છે. દાદરા અને નગર હવેલી તથા દીવદમણમાં પણ ઉમેદવારોની પસંદગીની ચકાસણી કરનાર સ્ક્રીનીંગ કમીટીમાં તેઓ મોટી જવાબદારી અદા કરી રહ્યા છે. બંસલે આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે કોંગ્રેસ પ્રમુખ અને ઉપપ્રમુખનો તેઓ ખૂબ જ આભારી છે. આ લોકોએ મને મોટી જવાબદારી સોંપી છે. સંપૂર્ણ ઈમાનદારી સાથે કામ કરવાની ખાતરી પણ બંસલે આપી છે. ગુજરાત અને રાજસ્થાનમાં કોંગ્રેસની હાલત ખૂબ જ ખરાબ છે અને આ બંને રાજ્યોમાં કોંગ્રેસનો લગભગ સફાયો થઈ ચૂક્યો છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીની લહેર જોવા મળી રહી છે. બીજી બાજુ ડિસેમ્બર ૨૦૧૩માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા હતા. બંસલની વાપસી ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચૌહાણને હજુ પણ કોઈ જવાબદારી સોંપવામાં આવી નથી.



ગુમાવવાની ફરજ પડી હતી. આવી જ રીતે કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડમાં ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા સુરેશ કલમાડીને પણ બાજુમાં રાખવામાં આવ્યા છે.

ગયા વર્ષે બંસલના ભત્રીજા વિજય સિંઘલા રેલવે બોર્ડમાં ચાવીરૂપ હોદ્દો નક્કી કરવાના મામલે લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. ત્યારબાદ સીબીઆઈએ આ સમગ્ર મામલામાં છ કલાક સુધી બંસલની પૂછપરછ કરી હતી. બંસલને ત્યારબાદ પ્રોસીક્યુશન સાક્ષી તરીકે બનાવવામાં આવ્યા હતા. તેમની સામે કોઈ પુરાવા ન મળતાં કોંગ્રેસે હવે એક સીનીયર નેતાને સાઈડ લાઈન નહીં કરવાનો નિર્ણય કર્યો છે. અગાઉ કોંગ્રેસના પંજાબ રાજ્ય એકમની આદર્શ હાઉસીંગ કૌભાંડમાં તેમનું નામ આવ્યા બાદ તેમને હોદ્દો જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. સંસ્થાકીય કુશળતા તેમનામાં રહેલી છે. આ ઉપરાંત વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી સાથે પણ તેમના ખૂબ સારા સંબંધો રહેલા છે. સૂત્રોએ ઉમેર્યું છે કે કલમાડીને કોઈ મોટી જવાબદારી આપવામાં આવનાર નથી. પૂણેમાંથી ચૂંટણી લડવા પણ કલમાડીને તક અપાશે નહીં પરંતુ બંસલ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચંદીગઢમાંથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. હાલમાં તેમની જવાબદારી આંતરિક આધાર અહેવાલ તૈયાર કરવાની છે. સાથે સાથે દરેક મત વિસ્તાર માટે ઉમેદવારોની પ્રાથમિક જવાબાદીર તૈયાર કરવાની રહેશે. સોનિયાના નેતૃત્વમાં કેન્દ્રીય ચૂંટણી સમીતિ ત્યારબાદ અંતિમ નામોની પસંદગી કરશે.

મિલી સાયરસનો ટૂર બાળકો માટે ઉપયોગી

સેલિબ્રિટી અને અભિનેત્રી મિલી સાઈરસનું કહેવું છે કે તે ૧૪મી ફેબ્રુઆરીથી તેના બંગરજ ટૂરની શરૂઆત કરી રહી છે. બાળકો માટે એજ્યુકેશનલ તરીકે આને ગણવામાં આવે છે. ૨૧ વર્ષીય મિલી સાઈરસનું કહેવું છે કે બાળકોને તેના આ પ્રવાસથી ખૂબ મોટો ફાયદો થશે. આ પ્રવાસને બાળકોના માતા-પિતા પણ હકારાત્મક રીતે લે તે ખૂબ જરૂરી છે. ૨૧ વર્ષીય અભિનેત્રીએ એમટીવી સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે આ પ્રવાસ દરમિયાન તેની સાથે મોટી સંખ્યામાં તેના સહાયકો પણ જોડાનાર છે. આ પ્રવાસની વિશેષતાના સંદર્ભમાં વધારે માહિતી આપવામાં આવી નથી પરંતુ એજ્યુકેશનનો હેતુ આની પાછળ રહેલો છે. મિલી સાયરસ ટોચની સેલિબ્રિટી તરીકે ગણવામાં આવે છે. મિલી સાયરસ ગાયિકા તરીકે પણ લોકપ્રિયતા મેળવી ચૂકી છે. અમેરિકન અભિનેત્રી અને રેકોર્ડીંગ આરટિસ્ટ મિલી સાયરસ એક સેલિબ્રિટી પરિવાર સાથે જોડાયેલી છે.

ફિલ્મની સફળતા માટે બધાં જવાબદાર રહે છે : સોનાક્ષી

મુંબઈ, તા. ૨

સોનાક્ષી સિંહાની ફિલ્મો પણ હવે બોક્સ ઓફિસ ઉપર કોઈ વધારે સાબિત થઈ રહી નથી. શાહીદ કપૂર અને સોનાક્ષા સિંહાની જોડી પ્રભુ દેવાની ફિલ્મ આર રાજકુમારમાં જોવા મળી હતી. આ ફિલ્મનું નામ રેમ્બો રાજકુમાર રાખવામાં આવ્યું હતું. તેમની કેમેસ્ટી ચોક્કસપણે લોકોને પસંદ પડી હતી પરંતુ આ ફિલ્મને પણ બોક્સ ઓફિસ ઉપર મોટી સફળતા મળી ન હતી. સોનાક્ષી સિંહાને હજુ સુધી લક્કી ચાર્મ તરીકે ગણવામાં આવે છે. આનો મતલબ એ થયો કે સોનાક્ષી જે ફિલ્મમાં રહે છે તે ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સુપર હિટ થાય છે.

આ સંદર્ભમાં સોનાક્ષીનું કહેવું છે કે તેની ફિલ્મોના બોક્સ ઓફિસ ઉપર દેખાવ માટે તેને ક્રેડીટ આપવાની બાબત બિલકુલ યોગ્ય નથી. અન્ય કલાકારો પણ ફિલ્મમાં હોય છે. સોનાક્ષી માને છે કે તમામને ફિલ્મની સફળતા અને નિષ્ફળતા માટે જવાબદાર ગણવામાં આવે તે જરૂરી છે. એક ફિલ્મની સફળતા માટે જ્યારે તેને તમામ ક્રેડીટ મળે છે ત્યારે તેને યોગ્ય લાગતું નથી. શાહીદ કપૂર સાથેની આર રાજકુમાર ફિલ્મને પણ સરેરાશ સફળતા મળ્યા બાદ આની ક્રેડીટ પણ સોનાક્ષીને આપવામાં આવી રહી છે. તેનું કહેવું છે કે ફિલ્મ દરેક વ્યક્તિના પ્રયાસથી બને છે. શાહીદે પણ ખૂબ શાનદાર ભૂમિકા અદા કરી છે. શાહીદ સાથે તેની ખૂબ સારી મિત્રતા હોવાની વાત પણ સોનાક્ષીએ કરી છે. આવનાર સમયમાં શાહીદ સાથે તે વધુ ફિલ્મ કરવા માટે પણ ઈચ્છુક છે. તેના ફેવરીટ કલાકારો પૈકીના એક તરીકે શાહીદને સોનાક્ષી ગણે છે. જો કે સોનાક્ષી કોઈ રોમાન્સના સંબંધ હોવાનો ઈન્કાર કર્યો છે. સોનાક્ષીએ તેના કેરિયરની શરૂઆત દબંગ ફિલ્મ મારફતે સલમાન સાથે કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સુપર હિટ સાબિત થઈ હતી અને ત્યારબાદ તે ઘણી સફળ ફિલ્મો કરી ચૂકી છે.

પરિણીતી-સિદ્ધાર્થ યે હૈ આશિકીમાં હવે ચમકશે

મુંબઈ,તા. ૨

અભિનેત્રી પરિણીતી ચોપડા અને સિદ્ધાર્થ મલ્હોત્રા લોકપ્રિય ટીવી શો યે હૈ આશિકીના આગામી એપિસોડમાં નજરે પડનાર છે. પોતાની ફિલ્મ હસી તો ફસીના પ્રમોશનના હેતુસર આ યુવા જોડી ટીવી સિરિયલમાં રજૂ થનાર છે. સ્પેશિયલ ગેસ્ટ તરીકે આ શોમાં બંને નજરે પડશે. આ શો સંબંધો ઉપર આધારિત લોકપ્રિય ટીવી સિરીયલ છે. પરિણીતી ચોપડાનું કહેવું છે કે હસી તો ફસી નામની ફિલ્મ યુવા પેઢીને ખૂબ જ પસંદ પડશે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે પરિણીતી અને સિદ્ધાર્થ એપિસોડ દરમિયાન ફિલ્મમાં તેમની લવ સ્ટોરી અંગે જરૂરી વાત કરશે. લીડ રોલમાં અનુરાગ શર્મા અને ખ્યાતીને રજૂ કરતા આ એપિસોડમાં પરિણીતી અને સિદ્ધાર્થ આવનાર છે તેવા અહેવાલ આવ્યા બાદથી આ સિરીયલને લઈને પણ લોકોની ઉત્સુકતા વધી છે.

ઈપીએફઓ નિવૃતિની વય વધારી ૬૦ કરવા તૈયારીમાં

નવી દિલ્હી,તા. ૨

ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની (સીબીટી)ની બેઠક બુધવારના દિવસે યોજાનાર છે. જેમાં તેની પેન્શન માટે ઓર્ગેનાઈઝડ સેક્ટરના વર્કરો માટેની નિવૃતિ વય મર્યાદાને વધારીને ૬૦ કરવાના પ્રશ્ને ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં અન્ય કેટલાક પાસા પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. આ બેઠકમાં સીબીટી પેન્શન સ્કીમ હેઠળ બે વર્ષના પેન્સનને ખેંચી લેવાના પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. પેન્શન પાત્ર સર્વિસના ૨૦ વર્ષના ગાળા બાદ ગ્રાહકોને આપવામાં આવતી પેન્સન હેઠળ બે વર્ષના બોનસના પરત ખેંચવાની દરખાસ્તને લઈને જોરદાર વિરોધ પણ છે. જેથી સરકારને આ દિશામાં સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર પડશે. આ દરખાસ્તોમાં એજેન્ડામાં અન્ય દરખાસ્ત પણ રહેશે. શ્રમ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડિઝના નેતૃત્વમાં આ બેઠક યોજાનાર છે. હાલમાં એમ્પ્લોઈસ પેન્સન સ્કીમ હેઠળ ઈપીએફઓના કર્મચારીઓને કેટલીક બાબતોને લઈને ખાતરી આપવી પડે છે. હવે ઈપીએફઓ નિવૃતિની વય મર્યાદા વધારીને ૬૦ કરવાની યોજના ધરાવે છે. નાણાં મંત્રાલય દ્વારા તેના મેમોરેન્ડમમાં ઈપીએસ-૯૫માં આ સુધારા કરવા માટે રજૂઆત કરી છે. શ્રમ મંત્રાલયને મેમોરેન્ડમમાં કેટલાક સુધારા સુચવવામાં આવ્યા છે. જેના પર વિચારણા ચાલી રહી છે. આ સ્કીમ હેઠળ ૧૦૦૦ રૂપિયાના લઘુતમ પેન્સનની વાતનો સમાવેશ થાય છ. નાણાં મંત્રાલય માને છે કે આ હેતુ માટે નિવૃતિ વય મર્યાદા વધારવાથી ગ્રાહકોને ફાયદો થશે. જો દરખાસ્ત મંજૂર થઈ જશે તો ૨૭ લાખ પેન્શનરોને ફાયદો થશે. હાલમાં આશરે ૪૪ લાખ પેન્શનરો છે. આ પૈકી પાંચ લાખ વિધવા સહિત કુલ ૨૭ લાખને મહિને ૧૦૦૦ રૂપિયા કરતા ઓછી પેન્શન મળે છે. નાણાં મંત્રાલય પહેલાથી પેન્શન સ્કીમ હેઠળ મહિને ૧૦૦૦ રૂપિયા આપવા માટે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૧૨૧૭ કરોડ રૂપિયા ચુકવવા તૈયાર છે. બેઠબ દરમિયાન સીબીટી ઈપીએસ-૯૫, ઈપીએફ અને ઈડીએલઆઈ સ્કીમમાં સુધારા કરવાની દરખાસ્તને લીલીઝંડી આપે તેવી શક્યતા છે. જેના ભાગરૂપે મહત્તમ પગાર મર્યાદા મહિને ૬૫૦૦થી વધીને ૧૫૦૦૦ થઈ જશે. હાલમાં ઈપીએફઓ દ્વારા તેની સામાજિક સેક્ટરની સ્કીમો હેઠળ ઓર્ગેનાઈઝડ વર્કરોને આવરી લેવામાં આવ્યા નથી.

પિચાઈના નેતૃત્વમાં ક્રોમને મોટી સફળતા

બેંગ્લોર,તા. ૨

ચેન્નાઈમાં જન્મેલો સુંદર પિચાઈ હાલમાં ગૂગલ ક્રોમ અને એપ્સમાં મોટી ભૂમિકા અદા કરી રહ્યો છે. પિંચાઈના નેતૃત્વ હેઠળ ક્રોમ અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ક્લોમે મે ૨૦૧૨માં મોસ્ટ યુઝ્ડ બ્રોસર તરીકે બનવામાં સફળતા મેળવી હતી. માઈક્રોસોફ્ટના ઈન્ટરનેટ એક્સપોલરને પાછળ છોડવામાં ક્રોમે સફળતા મેળવી હતી. પિંચાઈ અને નાડેલ્લા હજારો ભારતીયો પૈકી માત્ર બે લોકો છે જે ગ્લોબલ ટેકનોલોજીમાં ઉલ્લેખનીય સફળતા મેળવી રહ્યા છે. વિનોદ ખોસલા સન માઈક્રો સિસ્ટમમાં સહ સ્થાપક તરીકે છે જ્યારે અન્ય એક અમેરિકામાં સૌથી મોટા મૂડીરોકાણકારો પૈકીના એક તરીકે છે. રોમેશ વાધવાની સફળ ટેકરેન્જર પૈકીના એક તરીકે છે. તે સિમ્ફની ટેકનોલોજી ગ્રૂપ ચલાવે છે.

ભારતની સૌ પ્રથમ મોનો રેલનું ઉદઘાટન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણના હસ્તે કરાયું. જે શરુઆતના તબક્કામાં વડાલાથી ચેમ્બુર વચ્ચે આશરે ૯ કિ.મી.નું અંતર કાપશે. મુંબઈવાસીઓએ આ મોનોરેલની પહેલી મુસાફરીનો આનંદ લીધો હતો.

સહારા ૩૨૪૦૦ કરોડનું જંગી રોકાણ કરવા તૈયાર

સુપ્રીમ કોર્ટમાં સેબી સાથે જેની કાયદાકીય લડત ચાલી રહી છે તે સહારા ગ્રુપે આશ્ચર્યજનક જાહેરાત કરીને તમામ લોકોને ચોંકાવી દીધા છે. આ વર્ષે ૫૬૦૦૦ કર્મચારીઓની ભરતી કરવાની સહારા ગ્રુપે જાહેરાત કરી છે સાથે સાથે આશરે ૩૨૪૦૦ કરોડનું જંગી મૂડીરોકાણ કરવાની પણ ખાતરી આપી છે. સુપ્રીમ કોર્ટમાં સેબી અને સહારા વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહેલી છે. મૂડીરોકાણકારોને ૨૦૦૦૦ કરોડ રૂપિયાના રિફંડના મામલે સુપ્રીમ કોર્ટમાં સેબી અને સહારા વચ્ચ લડાઈ ચાલી રહી છે. ત્રણ પાના ભરીને અખબારી જાહેરાતમાં સહારા ગ્રુપે બિઝનેસના હેતુસર સિનિયર પોઝિશન માટે મોટી સંખ્યામાં અરજીઓ આમંત્રીત કરી છે. ૫૬૦૦૦થી વધુ નોકરીની તકો ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૪ના અંત સુધી આ તમામ જગ્યાઓ ભરવામાં આવનાર છે.